# કૃષ્ણનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અમદાવાદ શહેર

ફોન નં-૦૭૯,૨૨૮૨૧૪૫૧,૬૧

ઇ-મેલ :- polstn-krush-ahd@gujarat.gov.in


## પ્રેસનોટ

## તા.૨૭/૧૧/૧૯ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુન્હાનો ગણતરીના કલ્લાકોમાં ભેદ ઉકેલતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા.૨૭/૧૧/૧૯ ના રોજ રાતના સમયે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વે.કોર્ડ.ના લોકરક્ષક વેલાજી હેમાજી તથા અવિનાશસિંહ ઇન્દ્રસિંહ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે "એક ઇસમ સાંઇ ચોક તરફથી ચાલતા-ચાલતા શ્રી રામ ચોક ચાર રસ્તા આવનાર છે જે ઇસમે શરીરે કાળા કલરનું જાકીટ તથા વાદળી કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે જે ઇસમ પાસે પેન્ટના ખિસ્સામાં સોના ની બે બંગડી તથા સોના ની એક જોડ બુટ્ટી તથા સોના ની નાકમાં પહેવરવાની ચુન્ની છે જે સોના ની વસ્તુઓ સદરી ઇસમે છળ કપટથી અથવા ચોરી કરીને મેળવેલ છે જે સાંઇ ચોક તરફથી આવી શ્રી રામ ચોક ચાર રસ્તા તરફ પસાર થનાર છે" જે બાતમી આધારે સદરી ઇસમને શ્રી રામ ચોક ચાર રસ્તા ખાતે વોચમાં રહી પંચોની હાજરીમાં પકડી પાડી આરોપી પાસેથી સોનાની બે બંગડી આશરે ત્રણ તોલા વજન ની કિ.રૂ.૯૦,૦૦૦/-તથા એક જોડી સોના ની બુટ્ટી અડધા તોલા વજન ની કિ.રૂ.૧૫,૦૦૦/-તથા નાક ની ત્રણ સોના ની ચુની કિ.રૂ.૩,૦૦૦/-ના ગણી શકાય જે કુલ્લે કિ.રૂ.૧,૦૮,૦૦૦/-ની મત્તાના દાગીના મળી આવેલ જે સોના ની વસ્તુઓના આધાર પુરાવા બીલો માંગતા પોતાની પાસે ન હોય અને સદરીની પૂછપરછ માં આરોપીએ અગાઉ બે મહિના પહેલા પોતે જે બ્લોકમાં રહે છે તેની સામેના શ્યામ એંકલીવ ફ્લેટમાંથી બપોરના બારેક વાગે આ સોના ના દાગીના ની ચોરી કરેલ હોવાની કબુલાત કરતા આ બાબતે અત્રેના પો.સ્ટે ખાત્રી કરતા કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૨૧૩/૧૯ ધી.ઇ.પી.કો.કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય તે ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી આરોપીને તા.૨૭/૧૧/૨૦૧૯ ના ક.૨૧/૪૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૨૮/૧૧/૨૦૧૯

**આરોપીનું નામ-સરનામુ:-** સંદિપ સ/ઓ કેશવભાઇ ભોળાભાઇ જાતે કટારીયા ઉ.વ.૨૯ ધંધો-વેપાર રહે, બી/૨૦૧,શ્યામ એંકલીવ મેવાળા પાર્ટી પ્લોટ ની સામે નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર મુળ રહે.ગામ-કુંભણ તા.પાલીતાણા જીલ્લો-ભાવનગર મો.નં-૯૦૯૯૯૫૬૯૧૪

**આરોપીનો પુર્વ ઇતિહાસ:-**

આ કામે આરોપી અગાઉ સને ૨૦૧૦ માં ગુજરાત યુનિવર્સીટી પો.સ્ટે.માં પલ્સર વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ હતો અને તે વાહન સી.એન.વિધ્યાલય આંબાવાડી ખાતેથી ચોરી કરેલ હતુ અને તે કેશમાં હાજર થઇ ગયેલ અને ડિપ્લોમા મિકેનીકલ સુધી અભ્યાસ કરેલ છે અને કપડા લત્તાના શોખ વધુ હોય અને હાલમાં કામ-ધંધો બરાબર ન ચાલતા શોખ પુરા કરવા સારૂ આ ચોરી કરેલ જે ચોરી કરેલ દાગીનાઓ સાથે ઉપરોકત ગુન્હામાં પકડાયેલ છે

**મુદ્દામાલ :-**સોનાની બે બંગડી આશરે ત્રણ તોલા વજન ની કિ.રૂ.૯૦,૦૦૦/-તથા એક જોડી સોના ની બુટ્ટી અડધા તોલા વજન ની કિ.રૂ.૧૫,૦૦૦/-તથા નાક ની ત્રણ સોના ની ચુની કિ.રૂ.૩,૦૦૦/-ના ગણી શકાય જે કુલ્લે કિ.રૂ.૧,૦૮,૦૦૦/-ની મત્તાના દાગીના

કામગીરી કરનાર અધિકારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૯૨૪ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા જાગૃત્તીબેન શંકરલાલ બ.નં-૨૧૧૯

આરોપીનો ફોટો



(વી.આર.ચૌધરી)
પોલીસ ઇન્સ્પેકટર

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર